અપીલ અરજી નં.૧૨૫/૦૮–૦૯ તા. ૧૨–૮–૦૮

અરજદારઃ શ્રી ચંપકભાઈ સોમાભાઈ સોલંકી
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંપકભાઈ સોમાભાઈ સોલંકીની તા.૨૭–૬–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૧ ના ૮૫ દિવસ રોજીંદા કામદારની તા. ૪–૪–૨૦૦૬ થી ૨૬–૫–૨૦૦૭ સુધીની કુલ હાજરીની વિગતો આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૨–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૨૫/૨૦૦૮–૦૯

શ્રી ચંપકભાઈ સોમાભાઈ સોલંકીની તા.૨૭–૬–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૧ ના ૮૫દિવસ રોજીંદા કામદારની તા.૪–૪–૨૦૦૬ થી ૨૬–૫–૨૦૦૭ સુધીની કુલ હાજરીની વિગતો આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૪૬૦ તા.૨૪–૭–૦૮ થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૫ તા.૨૧–૮–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને વિશેષ કોઈ માહિતી મળેલ નથી. પરંતુ અરજદારને તેઓ કક્ષાએથી પાઠવેલ માહિતી પત્રની નકલ મળેલ છે.

અરજદારે તા.૨૭–૬–૦૮ ની અરજીમાં માહિતીની વિગત તા.૪–૪–૦૬ થી તા.૨૬–૫–૦૭ સુધીની હાજરીની વિગતો મેળવવાની માહિતી માંગેલ છે. જયારે માંગેલી માહિતીનો સમયગાળો તા.૪–૪–૦૭ થી તા.૨૬–૫–૦૭ સુધીનો સમયગાળો દર્શાવેલ છે. આ રીતે શરૂઆતના સમયના પીરીયડની એક વર્ષની વિસંગતતા જણાય છે. અરજદારે અપીલ અરજીમાં વર્ષ ૨૦૦૫ થી આજ દિન સુધીની માહિતીની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જાન્યુ.૨૦૦૭ થી જુન.૨૦૦૮ સુધીની હાજરી અંગેની માહિતીની વિગતો આપવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૭–૬–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જાન્યુ.૨૦૦૭ થી જુન ૨૦૦૮ સુધીની હાજરી અંગેની માહિતીની વિગતો પૂરી પાડવામાં આવેલ છે જયારે મુળ અરજીની વિસંગતતાસહ તા.૪–૪–૦૬ થી તા.૩૧–૧૨–૦૬ સુધીની નહીં પૂરી પડાયેલ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને વિના મુલ્યે પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. અરજદાર અપીલ અરજીમાં માંગેલી મુળ અરજીથી અલાયદી વધારાની વિગતો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ,...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંપકભાઈ સોમાભાઈ સોલંકી,